Seat No. : _______________

# AT-107

**May-2016**

**B.A., Sem.-II**

**EC-I-111 : Gujarati**

**(પદ્ય: કલાપીનો કાવ્યકલાપ સં. – અનંતરાય રાવળ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. ઊર્મિકાવ્યના સ્વરૂપ-લક્ષણોની વિગતે ચર્ચા કરો. **14**

**અથવા**

ગુજરાતી ઊર્મિકાવ્યનો ઉદ્ભવ-વિકાસ જણાવો.

2. 'કલાપીનો કાવ્યકલાપ'ને અનુલક્ષી કવિ કલાપીની ઊર્મિકવિતાની વિસ્તારથી સમાલોચના કરો. **14**

**અથવા**

'કલાપી ઊર્મિશીલ કવિ જ નથી પણ ચિંતનશીલ કવિ પણ છે'. – આ વિધાન 'કલાપીનો કાવ્યકલાપ'ને આધારે મૂલવો.

3. કોઈપણ **બે** વિશે નોંધ લખો : **14**
   (1) કવિ કલાપીનું મૃત્યુ-વિષયક ચિંતન
   (2) કવિ કલાપીની પ્રકૃતિ કવિતા
   (3) કવિ કલાપીની ગઝલો
   (4) કવિ કલાપીનાં પ્રણયકાવ્યો

4. (અ) કોઈપણ **બે** છંદના બંધારણ ઉદાહરણ સાથે સમજાવો : **4**
   (1) શાર્દૂલવિક્રીડિત
   (2) સ્રગ્ધરા
   (3) ઝૂલણા

   (બ) કોઈપણ **ત્રણ** ઉદાહરણોનાં છંદ ઓળખાવો : **3**
   (1) વાણીના, શ્રુતિના, દૃષ્ટિ કેરાં યે દર્શનો નહિ,
   સ્મૃતિના તુજને વ્હાલો પ્રાણ તે યે નહીં નહીં.
   (2) ભમો ભરતખંડમાં સકળ ભોમ ખૂંદી વળી.
   (3) ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી.
   (4) આજ આકાશના મંડપે મેઘના-નૃત્યના ચંડ પડછંદ ગાજે.
   (5) હવે થોડો બાકી સમય, યમને આંગણ સૂણું.

(ક) કોઈપણ **બે** અલંકારની વ્યાખ્યા આપી, ઉદાહરણ સાથે સમજાવો : **4**

(1) ઉપમા

(2) ઉત્પ્રેક્ષા

(3) અનન્વય

(ડ) કોઈપણ **ત્રણ** ઉદાહરણોનાં અલંકાર ઓળખાવો : **3**

(1) ફૂલની ફોરમ થકી હળવો છતાં
કાંઈ કરવાનું નથી, એ ભાર છે !

(2) વાંકા તે વેણના ને વાંકા વહેવારના
એમ વના થાય ના સીધા

(3) ઢળી પડેલ શબ્દની ઈમારતો,
ઈંટો ખસેડી અર્થની-અવાજની.

(4) કુંકુમ ને અક્ષત ચ્હાડવી,
અક્ષત કુંકુમના અધિકાર માંગતી.

(5) સાદાઈ અને સરલતાની સૌમ્યમૂર્તિ
ઉન્માદ ને અત્યાચારના અરિ હતા.

5. યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર આપો : **14**

(1) કલાપીનું મૂળ નામ શું છે ? (સુરસિંહજી, કૃષ્ણસિંહજી, સૂરજસિંહજી)

(2) કવિ કલાપીનું જન્મસ્થળ કયું ? (અમરેલી, મોરબી, લાઠી)

(3) કલાપી કયા યુગના કવિ છે ? (ગાંધીયુગ, સુધારકયુગ, પંડિતયુગ)

(4) 'આપની યાદી' ગઝલનો વિષય કયો છે ? (ઈશ્કે હકીકી, મૃત્યુ, પ્રવાસ)

(5) કલાપીની પ્રવાસ કૃતિ જણાવો. (ઉત્તર ભારતનો પ્રવાસ, કાશ્મીરનો પ્રવાસ, હિમાલયનો પ્રવાસ)

(6) 'Lyric' શબ્દ શેના પરથી આવ્યો છે ? (Lyril, Lyri, Lyre)

(7) 'મળ્યાં તુ જ સમીપ અગ્નિ ! તુ જ પાસ જુદાં થિયે' – પંક્તિનો છંદ જણાવો. (પૃથ્વી, મંદાક્રાન્તા, શિખરિણી)

(8) કવિ કલાપીનું ખંડકાવ્ય નથી. (બિલ્વમંગળ, ભરત, રમા)

(9) ' _______ જે ઊર્મિપ્રધાન તે કવિતા લિરિક' – કોણ કહે છે ? (કવિ ન્હાનાલાલ, બ.ક. ઠાકોર, કવિ કલાપી)

(10) કવિ કલાપીનું અવસાન કઈ સાલમાં થયું હતું ? (1900, 1901, 1902)

(11) કલાપીના ત્રીજા પત્નીનું નામ જણાવો. (શોભના, આનંદી બા, રાજ બા)

(12) કલાપીના કવિ મિત્રનું નામ શું છે ? (કવિ કાન્ત, કવિ સુંદરમ્, કવિ ઉમાશંકર જોશી)

(13) 'તમારી પાસે તો કુસમ સરખો કાન્ત ગણજો' – છંદ કયો છે ? (શિખરિણી, પૃથ્વી, હરિણી)

(14) કવિ કલાપીની કવિતા પર કયા વિદેશી કવિનો પ્રભાવ છે ? (ટેનિસન, એલિયટ, ઑડેન)